| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| સચિવાલયના ઓફિસ આસીસ્ટન્ટની નાયબ સેક્શન અધિકારી તરીકે બઢતી માટેની ખાતાકીય પરીક્ષા | | |
| તા.૨૦/૧૦/૨૦૨૧ | પ્રશ્નપત્ર –૨ | બેઠક નંબર:............. |
| સમય : ૧૫.૦૦ થી ૧૮.૦૦ | SET - C | કુલ ગુણ : - ૧૦૦ |

**1 ગુજરાત સરકારની સેવાઓમાં સીધી ભરતીથી ભરવાની જગ્યાઓમાં પછાતવર્ગો જે તે કેટેગરીની કૂલ જગ્યાઓ પૈકી મહિલાઓ ઉમેદવારો માટે કેટલી જગ્યાઓ અનામત રાખવાની જોગવાઇ કરાઇ છે ?**

**A** ૩૦ ટકા જગ્યાઓ
**B** ૩૪ ટકા જગ્યાઓ
**C** ૩૩ ટકા જગ્યાઓ
**D** ૩૫ ટકા જગ્યાઓ

**2 સરકારી કર્મચારી તપાસ અધિકારી સમક્ષ હાજર થાય નહિ તો તપાસ અધિકારી કેવા પ્રકારની કાર્યવાહી કરી શકે?**

**A** એકપક્ષીય તપાસ હાથ ધરી શકે
**B** તપાસની કામગીરી મુલત્વી રાખે
**C** શિસ્ત અધિકારીને કેસ પરત મોકલી આપે
**D** શિસ્ત અધિકારીની સલાહ મેળવીને કાર્યવાહી હાથ ધરે

**3 શારીરિક રીતે ખોડખાંપણ ધરાવતા ઉમેદવાર પસંદગી પામે તો તે માટે પૂરી પાડવામાં આવેલ અનામતની જોગવાઇ મુજબ, પોતે જ કેટેગરીનો ઉમેદવાર હોય તેમાં તેને નિયત રોસ્ટર ક્રમાંક મુજબ મુકવાના રહેશે.**

**A** આ વાક્ય સાચું છે.
**B** આ વાક્ય અર્ધ સત્ય છે
**C** આ ખોટું છે
**D** આ વાક્ય વિરોધાભાસી છે

**4 એક સરકારી કર્મચારી પોતાના રહેઠાણ ઉપર રાજકીય પક્ષનો ધ્વજ ફરકાવે છે. આ સરકારી કર્મચારીની બાબતમાં નીચેના પૈકી કઇ બાબત સાચી છે?**

**A** ચૂંટણીની આચાર સંહિતા અમલમાં ન હોય તો રાખી શકાય
**B** સક્ષમ સત્તાધિકારીની પરવાનગી મેળવવી જોઈએ
**C** સરકારી કર્મચારી સામે રાજકારણમાં ભાગ લેવા બદલ શિસ્તવિષયક કાર્યવાહી થઈ શકે
**D** ઉપર (અ) (બ) અને (ક) ત્રણેય બાબતો સાચી છે

**5 એક કર્મચારીની વર્ગ-૩ની જગ્યા ઉપર કરાર આધારિત નિમણૂંક તા.૧/૧૧/૨૦૦૯ ના રોજ થયેલ છે. આ કર્મચારીએ ગુજરાત મુલ્કી સેવા કમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ CCC પરીક્ષા ક્યાં સુધીમાં પાસ કરવાની રહે છે ?**

**A** કરાર આધારિત નિમણૂંક પામેલ કર્મચારીને CCC પરીક્ષા પાસ કરવાની રહેતી નથી.
**B** કરારીય નિમણૂંકથી ત્રણ વર્ષમાં
**C** કરારીય નિમણૂંકથી બે વર્ષમાં
**D** કરારીય નિમણૂંકથી પાંચ વર્ષમાં

**6 કોઈ સરકારી કર્મચારી ફોજદારી કેસમાં દોષિત થતાં કોર્ટ દ્વારા સજા અને દંડ કરવામાં આવે તો તે સરકારી કર્મચારી સામે નીચેના પૈકી કયા નિયમ મુજબ શિસ્તવિષયક કાર્યવાહી કરવાની રહે છે?**

**A** નિયમ - ૯ અને ૧૦ મુજબની
**B** નિયમ - ૧૧ મુજબની
**C** નિયમ - ૧૪ (૧) (૧) મુજબની
**D** એકપક્ષીય કાર્યવાહી

**7 રાજ્ય સેવા હેઠળની કોઈ સેવાના ભરતી નિયમોમાં સીધી ભરતીથી નિમણૂંક માટે ઠરાવેલ વયમર્યાદા ૪૦ વર્ષ કરતાં વધારે હોય ત્યારે અનુ.જાતિ, અનુ.જન.જાતિ અને સા. અને.શૈ. પછાત, તેમજ મહિલા ઉમેદવારો માટે નિમણૂંક સત્તાધિકારી વધુમાં વધુ કેટલા વર્ષ સુધી વયમર્યાદામાં છૂટછાટ આપી શકે.**

**A** પાંચ વર્ષ
**B** ત્રણ વર્ષ
**C** પાંચ વર્ષ અથવા ઉમેદવારની વય ૪૫ વર્ષની થાય ત્યાં સુધી બે માંથી જે વહેલું હોય તેટલા વર્ષ.
**D** વયમર્યાદામાં છૂટછાટ આપવાની કોઈ જોગવાઈ નથી.

**8 વર્ગ-૩ના સરકારી કર્મચારી લગ્નવિધિ, અંત્યેષ્ઠિ અથવા ધાર્મિક સમારંભ સિવાયના કોઈ પ્રસંગે નજીકના સગા અથવા સરકારી કામકાજનો સંબંધ ન રહેતો હોય તેવા અંગત મિત્રો પાસેથી કેટલી રકમથી વધુ રકમની ભેટ સ્વીકારવા માટે નિયત સત્તાધિકારીની મંજૂરી મેળવવાની રહે છે?**

**A** રૂ. ૨૦૦૦/- થી વધુ રકમની
**B** રૂ. ૧૫૦૦/- થી વધુ રકમની
**C** રૂ. ૧૦૦૦/- થી વધુ રકમની
**D** રૂ. ૫૦૦/- થી વધુ રકમની

**9 સરકારની ફીક્સ પગારની નીતિ બાબતે સરકારી કર્મચારીનું નીચેના પૈકી કયું કૃત્ય શિસ્તભંગ ગણાશે?**

**A** સરકારને પગાર વધારા માટે આવેદન આપવું
**B** ફીક્સ પગારના કર્મચારીઓને નિમણૂંકની તારીખથી પ્રવર્તમાન માંગણી કરવી
**C** સરકારની નીતિના વિરોધમાં હડતાલનો આશરો લેવો
**D** ઉપરના તમામ કૃત્યો

**10 કુદરતી ન્યાયનો સિધ્ધાંત એટલે શું?**

**A** પુરાવાના આધારે શિક્ષા કરવી

**B** કુદરતી રીતે જે ન્યાય થાય તે

**C** બચાવની વાજબી અને પુરતી તક પુરી પાડવી

**D** સ્વયંપર્યાપ્ત કારણો સાથેનો હુકમ કરવો

**11 સરકારી કર્મચારીને ફરજમોકૂફીના હુકમની સમીક્ષાને અંતે સક્ષમ સત્તાધિકારી ફરજમોકૂફી વધુમાં વધુ કેટલો સમય લંબાવી શકાય?**

**A** ૯૦ દિવસ

**B** ૧૮૦ દિવસ

**C** ૧૨૦ દિવસ

**D** સક્ષમ સત્તાધિકારીને યોગ્ય જણાય તેટલો સમય

**12 સરકારી કર્મચારી જે ખાતા/કચેરીમાં સેવા બજાવતો હોય, તે ખાતા/કચેરીની કોઈ મિલકતની હરાજીમાં તે પોતાના નામથી કે અન્ય સાથે ભાગમાં બોલી (માંગણી) મૂકી શકે?**

**A** હા

**B** ના

**C** સક્ષમ સત્તાધિકારીની પરવાનગી મેળવવી પડે

**D** અન્ય સાથે ભાગમાં બોલી મૂકી શકે

**13 નીચેના પૈકી કયા કિસ્સામાં બઢતીથી નિમણૂક અંગે રોસ્ટર પધ્ધતિ લાગુ પડે છે ?**

**A** PH

**B** EWS

**C** SC / ST

**D** SEBC

**14 રાજ્યસરકાર તેના કર્મચારીને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમ-૬ અન્વયેની કઈ શિક્ષા કરી શકે?**

**A** કોઈપણ નાની શિક્ષા

**B** કોઈપણ મોટી શિક્ષા

**C** ઉપર (અ) અને (બ) બંને

**D** જેલની શિક્ષા

**15 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના કયા નિયમમાં મોટી શિક્ષા કરવાની પધ્ધતિની જોગવાઈ છે?**

**A** નિયમ-૬

**B** નિયમ-૯

**C** નિયમ-૧૧

**D** નિયમ-૧૧-ક

**16 જો તે ખાતાની મંજૂર થયેલ જગ્યાઓ / સંવર્ગના રોસ્ટર રજીસ્ટરો રાખવાની જવાબદારી કોની થાય છે ?**

- **A** શાખા અધિકારીની
- **B** હિસાબી અધિકારીની
- **C** નિમણૂક આપનાર સતાધિકારીની (નિમણૂક આપનાર વિભાગની)
- **D** વહીવટી અધિકારીની

**17 ભારતના સંવિધાનની કઈ જોગવાઈ હેઠળ રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ઘડ્યા છે?**

- **A** અનુચ્છેદ-૩૨૦
- **B** અનુચ્છેદ-૩૧૧
- **C** અનુચ્છેદ-૩૦૯
- **D** અનુચ્છેદ-૩૨૧

**18 કોઈપણ સેવા કે જગ્યા ઉપર સીધી ભરતીથી નિમણૂંક બાબતે નીચેના પૈકી કઈ બાબત આવશ્યક નથી?**

- **A** ભારતના નાગરિકત્વની જોગવાઈઓ
- **B** શારિરીક યોગ્યતા
- **C** સારા ચારિત્ર્યનો પુરાવો
- **D** પ્રવરતા

**19 જેની પત્ની હયાત હોય તેવા સરકારી કર્મચારીને બીજી મહિલા સાથે લગ્ન કે લગ્નના કરાર કરવાની છૂટ આપી શકે?**

- **A** હા, લગ્નથી જોડાતી સાચી વ્યક્તિને આવું લગ્ન કે લગ્નના કરાર કરવાની છૂટ તેને લાગુ પડતા અંગત કાયદા હેઠળ હોય તો
- **B** ના, આવી છૂટ મળવાપાત્ર નથી
- **C** હા, હયાત પત્નીની સંમતિ હોય તો
- **D** હયાત પત્નીના માતાપિતાની સંમતિથી

**20 ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ સામાન્ય વહીવટ વિભાગના કયા પ્રભાગ દ્વારા બહાર પાડવામાં આવે છે ?**

- **A** વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ
- **B** આયોજન પ્રભાગ
- **C** કર્મચારીગણ પ્રભાગ
- **D** આર.ટી.આઈ પ્રભાગ

**21 ખાતાકીય તપાસમાં તપાસ અધિકારી સમક્ષની કાર્યવાહી દરમ્યાન નવો પુરાવો રજુ કરવાની છૂટ ક્યારે આપી શકાય?**

- **A** નવો પુરાવો રજુ કરવાની છૂટ આપી શકાય નહિ
- **B** પુરાવામાં પડતી તૂટ સરખી કરવા માટે
- **C** અસલ રજુ થયેલ પુરાવામાં અંગભૂત ખામી હોય ત્યારે
- **D** તપાસ અધિકારીની વિવેકબુધ્ધિ અનુસાર

**22 નીચેના પૈકી કયા અધિનિયમમાં દાયજો ની વ્યાખ્યા આપવામાં આવી છે?**

**A** હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫

**B** દાયજા પ્રતિબંધ અધિનિયમ, ૧૯૬૧

**C** ભારતીય પુરાવાનો કાયદો

**D** ઉપર પૈકી એકેય નહી

**23 રોસ્ટર ક્રમાંકોની વહેંચણીમાં નીચેના પૈકી શેનો સમાવેશ થતો નથી ?**

**A** એસ.ઇ.બી.સી

**B** અનુ.જાતિ/ અનુ. જનજાતિ

**C** મહિલા

**D** બિનઅનામત પૈકીના EWS

**24 સરકારી સેવાઓ અને જગ્યાઓમાં રોસ્ટરનો અમલ કરતી વખતે જગ્યાઓ ભરવાના કોઇપણ પ્રસંગે, જુદા જુદા અનામત વર્ગના ઉમેદવારોથી ભરવાની થતી જગ્યાઓની ટકાવારી કેટલા ટકાથી વધવી ન જોઇએ ?**

**A** ૫૦ ટકા

**B** ૫૧ ટકા

**C** ૪૯ ટકા

**D** ટકાવારીની આવી કોઇ મર્યાદા લાગુ પડતી નથી

**25 રજૂઆત અધિકારીએ નીચેના પૈકી કઈ ફરજો બજાવવાની હોય છે?**

**A** આક્ષેપિત સામેના આરોપોની તપાસ કરવી

**B** આક્ષેપિત સામેના આરોપો સાબિત રહેતા હોવાનું જણાવી શિક્ષાની રજૂઆત કરવી

**C** તહોમતનામા સાથેના પુરાવાઓને આધારે આરોપો કેવી રીતે સાબિત થાય છે તેની વિગતવાર રજૂઆત કરવી

**D** આક્ષેપિતની તરફેણમાં દલીલો કરવી

**26 નીચેના પૈકી કયું વિધાન સાચું છે?**

**A** ઠરાવેલી લાયકાત ધરાવતો ન હોય તેવા ઉમેદવારની નિમણૂંક કરવા માટે નિમણૂંક સત્તાધિકારીએ રાજ્ય સરકારની કારણો દર્શાવીને પૂર્વમંજૂરી મેળવવી જોઈએ

**B** ઠરાવેલી લાયકાતો ન ધરાવતો હોય તેવા ઉમેદવારની નિમણૂંક કરવા માટે નિમણૂંક સત્તાધિકારીએ રાજ્ય સરકારને જાણ કરવી જોઈએ

**C** ઠરાવેલી લાયકાતો ન ધરાવતો હોય તેવા ઉમેદવારની નિમણૂંક કરવા માટે નિમણૂંક સતાધિકારીએ તે અંગેના કારણોની નોંધ કરી નિર્ણય લેવો જોઈએ

**D** ઉપરના પૈકી એકેય વિધાન સાચું નથી

**27 રાજ્ય સેવા અથવા તાબાની સેવામાં સમાવિષ્ટ કોઈ સેવા કે જગ્યામાં અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે આરક્ષિત જગ્યાઓ ઉપર બઢતીથી નિમણૂંક માટે લાયક ઉમેદવારો ત્રણ ભરતી પ્રસંગો પછી પણ ઉપલબ્ધ ન થાય તો તેવી જગ્યાઓ ઉપર નીચેના પૈકી કઈ રીતે ભરતી કરી શકાય?**

**A** તે માટે યોજેલ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ અન્વયે અથવા સીધી પસંદગીથી

**B** અન્ય કેટેગરીના ઉપલબ્ધ લાયક ઉમેદવારો દ્વારા

**C** આ જગ્યાઓ બિનઅનામત જાહેર કરીને

**D** ઉપરના પૈકી એકેય નહી.

**28 વર્ગ-૧ અથવા વર્ગ-૨ ની જગ્યા કે સેવામાં જાહેર સેવા આયોગ મારફતે સીધી ભરતીથી નિમણૂંકમાં જ્યારે અનુભવનો નિયત લાયકાતોમાં સમાવેશ થતો ન હોય ત્યારે સરકારી કર્મચારી કે જેઓ ભરતી હેઠળની જગ્યાની તરત નીચેના ક્રમની જગ્યામાં ફરજો બજાવતા હોય, ત્યારે આવા સરકારી કર્મચારીઓને નીચેના ક્રમની સેવા કે જગ્યામાં બજાવેલ ફરજોના સમયગાળાની મર્યાદામાં વધુમાં વધુ કેટલા વર્ષની ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપી શકાય?**

**A** ત્રણ વર્ષ

**B** પાંચ વર્ષ

**C** બે વર્ષ

**D** ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપી શકાય નહી.

**29 સરકારી કર્મચારીએ માંગણી કરેલ વધારાના પુરાવાઓ/દસ્તાવેજો પુરા પાડ્યા બાદ સાક્ષીની તપાસ કરવા માટે કેટલા દિવસની મુદત આપવાની જોગવાઈ છે?**

**A** ત્રણ

**B** પાંચ

**C** દસ

**D** પંદર

**30 ખાતાકીય તપાસમાં તપાસ અધિકારી સમક્ષની કાર્યવાહી દરમ્યાન તપાસને લગતા દસ્તાવેજો કોના કબજામાં રહે છે?**

**A** તપાસ અધિકારીના

**B** શિસ્ત અધિકારીના

**C** રજૂઆત અધિકારીના

**D** ખાતાના વડાના

**31 કોઇ સંવર્ગમાં સીધી ભરતીથી અને બઢતીથી ભરવાની જગ્યાનું પ્રમાણ (Rat i o) ૧ : ૧ હોય અને સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ જો ૭૫ હોય તો, અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે કેટલી જગ્યાઓ અનામત કરવાની થાય ?**

**A** સાત

**B** અગિયાર

**C** પાંચ

**D** ઓગણીસ

**32 રાજ્ય સરકાર હેઠળની વર્ગ-૨ ની જગ્યા પર ફરજો બજાવતા અધિકારીને સ્થાવર અને જંગમ મિલકત વ્યવહારોની પૂર્વમંજુરી આપવા માટે નિયત સત્તાધિકારી કયા છે?**

**A** સરકાર

**B** સંબંધિત વહીવટી વિભાગના વડા

**C** ખાતાના વડા

**D** ઉપરના ત્રણેય

**33 રોસ્ટર અનામતની જાતિ પ્રમાણે, ગુજરાત રાજ્યમાં હાલની ટકાવારી મુજબ કયો વિકલ્પ ખોટો છે ?**

**A** SC માટે ૭ ટકા

**B** SEBC માટે ૨૭ ટકા

**C** EWS માટે ૧૫ ટકા

**D** ST માટે ૧૫ ટકા

**34 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નીચેનામાંથી કોને લાગુ પડે છે?**

**A** અખિલ ભારતીય સેવાના અધિકારીઓને

**B** ગુજરાત સરકારના કામકાજને લગતી રાજ્ય સેવાઓ અને જગ્યાઓ પરના અધિકારીઓ અને કર્મચારીઓને

**C** પોલીસ દલના નીચલી પાયરીના કર્મચારીઓને

**D** ઉપરના બધાયને

**35 વર્ગ-૨ની સેવામાંથી તે જ સેવાની ઉપલી જગ્યા ઉપર બઢતી માટે તે અંગેના ભરતી નિયમોમાં નીચલી જગ્યા ઉપર અનુભવ અંગેની નિર્દિષ્ઠ મુદતની જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો વર્ગ-૨ ની સેવાની નીચેલી જગ્યા પર ઓછામાં ઓછોઓ કેટલો અનુભવ આવશ્યક છે?**

**A** બે વર્ષ

**B** ત્રણ વર્ષ

**C** પાંચ વર્ષ

**D** સાત વર્ષ

**36 EWS ઉમેદવારો માટે રાજ્ય સરકારની નોકરીઓમાં ભરતી સંબંધી વહીવટી સૂચનાઓ કયા વિભાગે બહાર પાડેલી છે ?**

**A** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**B** નાણાં વિભાગ

**C** સામાન્ય વહીવટ વિભાગ

**D** કાયદા વિભાગ

**37 વર્ગ-૧ની સેવા નીચેની જગ્યામાંથી તે જ સેવાની તરત ઉપરની જગ્યા પર બઢતીથી નિમણૂંક આપવા માટે નીચેની સેવામાં નિર્દિષ્ઠ મુદતના અનુભવ અંગેની કોઈ જોગવાઈ તે જગ્યાના ભરતી નિયમોમાં કરવામાં આવી ન હોય તો વર્ગ-૧ ની નીચેની જગ્યામાં ઓછામાં ઓછો કેટલો અનુભવ જરૂરી છે?**

**A** આઠ વર્ષ
**B** પાંચ વર્ષ
**C** સાત વર્ષ
**D** જે તે જગ્યાના ભરતી નિયમોમાં અનુભવની જોગવાઈ ન હોઈ, ઓછામાં ઓછા અનુભવનો પ્રશ્ન રહેતો નથી.

**38 ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ના કયા નિયમ હેઠળ સરકારી કર્મચારી રાજકીય વગનો ઉપયોગ કરી શકે નહી?**

**A** નિયમ-૨૨
**B** નિયમ-૨૨ એ
**C** નિયમ-૨૩
**D** નિયમ-૨૧

**39 નીચેના પૈકી કઈ બાબત શિસ્તભંગ ગણાશે?**

**A** દર વર્ષે સ્થાવર-જંગમ મિલકતોની વિગતો દર્શાવતાં પત્રકો રજુ કરવા
**B** સરકારી કામકાજ રહેતું હોય તેવી વ્યક્તિ સાથે સક્ષમ સત્તાધિકારીની પૂર્વમંજૂરી સિવાય સ્થાવર મિલકતની લે-વેચ કરવી
**C** નિયત નાણાંકીય મર્યાદા કરતાં વધુ રકમની જંગમ મિલકતના વ્યવહારની સક્ષમ સત્તાધિકારીને જાણ કરવી
**D** ઉપરના પૈકી એકેય નહિ

**40 સરકારી કર્મચારીને ફરજમોકૂફ ક્યારે કરી શકાય?**

**A** સરકારી કર્મચારી તેની ફરજ પર સતત ગેરહાજર રહે
**B** સરકારી કર્મચારી વગર મંજૂરીએ વિદેશ જતો રહે
**C** લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા લાંચ લેતાં રંગે હાથ ઝડપાય જાય
**D** ઉપરના તમામ કેસો

**41 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ-૬ હેઠળની શિક્ષા કયા અધિકારી કરી શકે?**

**A** તપાસ અધિકારી
**B** રજૂઆત અધિકારી
**C** શિસ્ત અધિકારી
**D** અપીલ અધિકારી

**42 ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ માં કયો વિભાગ સુધારા કરી શકે?**

**A** કાયદા વિભાગ

**B** નાણાવિભાગ

**C** સામાન્ય વહીવટ વિભાગ

**D** વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

**43 ભારતના બંધારણની કઇ કલમમાં સરકારી સેવામાં જે તે જગ્યા પરની નિમણૂક કરવામાં વહીવટી કાર્યક્ષમતાની જાળવણીને સુસંગત હોય તે રીતે SC ST ના રાજયોના હક્ક દાવા વિચારાશે તેવી જોગવાઇ કરાઇ છે ?**

**A** કલમ ૩૩૫

**B** કલમ ૧૬ (૪)

**C** કલમ ૩૨

**D** કલમ ૧૪

**44 કોઈપણ સેવા કે જગા ઉપર નીચેના પૈકી કઈ વ્યક્તિઓની નિમણૂંક થઈ શકે?**

**A** ભારતનો નાગરિક

**B** નેપાળનો પ્રજાજન અને તેની તરફેણમાં રાજ્ય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યું હોય

**C** ભૂતાનનો પ્રજાજન અને તેની તરફેણમાં રાજ્ય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યું હોય

**D** ઉપરના તમામ

**45 નીચેના પૈકી કઈ સેવા અને જગ્યાનો સમાવેશ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં કરવામાં આવ્યો નથી?**

**A** વર્ગ-૧ અને વર્ગ-૨ તરીકે વર્ગીકૃત કરેલ સેવાઓ અને જગ્યાઓ

**B** તાબાની સેવાઓ અને જગ્યાઓ

**C** ઉતરતા દરજ્જાની સેવાઓ અને જગ્યાઓ

**D** અખિલ ભારતીય સેવા

**46 દરેક સરકારી કર્મચારીએ હંમેશા સંપૂર્ણ પ્રામાણિક રહેવું તેવી જોગવાઈ ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ ના કયા નિયમમાં કરવામાં આવેલ છે?**

**A** નિયમ -૩(૧) (૧)

**B** નિયમ -૩(૧) (૨)

**C** નિયમ -૩(૧) (૩)

**D** ઉપરના પૈકી એકેય નહી

**47 એક સરકારી કર્મચારીને તેનો પુત્ર જે કંપનીમાં નોકરી કરે છે તે કંપનીમાંથી માલસામાન ખરીદવાનો થાય છે તે અધિકારીએ શું કરવું જોઈએ?**

**A** ટેન્ડર પ્રક્રિયા અનુસરીને ખરીદી કરવી

**B** તે કંપની પાસેથી માલસામાનની ખરીદી ન કરવી

**C** પુત્રની તે કંપનીમાં નોકરી અંગેની જાણ નિયત સત્તાધિકારીને કરીને ખરીદી કરવી

**D** ખરીદીની સમગ્ર પ્રક્રિયામાં તે અધિકારીએ ભાગ ન લેવો

**48 નીચેના પૈકી કઈ શિક્ષા નાની શિક્ષા નથી?**

**A** ઈજાફો અટકાવવો

**B** બેદરકારી બદલ નુકશાનની પગારમાંથી વસુલાત

**C** નિશ્ચિત સમય માટે પગારધોરણમાં નીચલા તબક્કે ઉતારવો

**D** બઢતી અટકાવવી

**49 તાબાની સેવા કે જગ્યા ઉપર નિમણૂંકના કિસ્સામાં અજમાયશનો સમયગાળો કેટલા વર્ષનો હોય છે?**

**A** પાંચ વર્ષ

**B** ત્રણ વર્ષ

**C** એક વર્ષ

**D** નિમણૂંક અધિકારી ઠરાવે તેટલો

**50 તપાસ પૂરી થયા બાદ તપાસ અધિકારીએ તપાસ અહેવાલમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ કરી શકે નહિ?**

**A** આરોપના દરેક મુદ્દા અંગે આક્ષેપિતનો બચાવ

**B** આરોપના દરેક મુદ્દા અંગે મુદ્દાવાર પુરાવાઓની સમાલોચના

**C** આરોપના દરેક મુદ્દા પરનાં તારણો અને તે અંગેના કારણો

**D** સાબિત રહેતા આરોપોની ગંભીરતા અન્વયે શિક્ષાની ભલામણ

**51 સરકારી કર્મચારીએ નીચેના પૈકી કયા વ્યવહાર બાબતે સરકાર/સક્ષમ સત્તાધિકારીની મંજૂરી મેળવવાનું જરૂરી નથી?**

**A** વાણિજ્યિક સહકારી મંડળીના રજીસ્ટ્રેશન માટે

**B** પત્નીને ધંધા માટે નાણાની સગવડ કરી આપવા માટે

**C** અખબારમાં સાહિત્યિક લેખ લખવા માટે

**D** સહકારી મંડળીમાં ચૂંટણીથી ભરાતા હોદ્દા માટે ઉમેદવારી કરવા માટે

**52 ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ હેઠળ નીચેના પૈકી કઈ બાબત ગેરવર્તણૂંક ગણવાપાત્ર છે?**

**A** રાજકારણમાં ભાગ ન લેવો

**B** સરકારના નિયમો મુજબ ફરજો બજાવવી

**C** કામના સ્થળે કાળી પટ્ટી પહેરવી

**D** સામુહિક રીતે કામ કરવાની ના પાડવી

**53 સીધી ભરતીથી નિમણૂંક કરવા માટે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામું કે જાહેરાતમાં અન્યથા ન દર્શાવાયુ હોય ત્યારે ઠરાવેલી વયમર્યાદા કઈ તારીખના સંદર્ભમાં ગણવાની રહે છે?**

**A** જાહેરનામા કે જાહેરાત પ્રથમ પ્રસિધ્ધ થયાની તારીખથી સાઈઠ દિવસની મુદત થાય તે મહિનાની તરત પછીના મહિનાની પહેલી તારીખ

**B** જાહેરનામા કે જાહેરાત પ્રથમ પ્રસિધ્ધ થયાની તારીખથી નેવું દિવસની મુદત થાય તે મહિનાની પછીના મહિનાની પહેલી તારીખ

**C** જાહેરનામું કે જાહેરાત પ્રથમ પ્રસિધ્ધ થયાના મહિનાની પહેલી તારીખથી સાઈઠ દિવસની મુદત પુરી થાય તે પછીના મહિનાની પહેલી તારીખ

**D** ઉપરના પૈકી એકેય નહી.

**54 સરકારી કર્મચારીની ખાતાકીય તપાસમાં તપાસ અધિકારીના અહેવાલમાં આરોપો સાબિત રહેતા હોવાનું તારણ હોય તો શિસ્ત અધિકારીએ તપાસ અહેવાલ પરત્વે કઈ કાર્યવાહી કરવાની થાય છે.**

**A** સાબિત રહેતા આરોપો અન્વયે શિક્ષાનો નિર્ણય કરવો

**B** તપાસ અહેવાલના તારણ સાથે શિસ્તઅધિકારી સંમત હોવાનું જણાવી આક્ષેપિત સરકારી કર્મચારીને તે પરત્વે તેની રજૂઆત કરવા શો કોઝ નોટિસ પાઠવવી

**C** સાબિત રહેતા આરોપોની જાણ જાહેર સેવા આયોગને કરવી

**D** ઉપરના પૈકી એકેય નહિ

**55 સરકારી કર્મચારી ખાતાકીય તપાસમાં મિત્ર મદદનીશ તરીકે વકીલ રોકી શકે?**

**A** ના
**B** ખાતાકીય તપાસના અધિકારીની મંજૂરીથી રોકી શકે
**C** શિસ્ત અધિકારીની મંજૂરીથી રોકી શકે
**D** રજૂઆત અધિકારીની સંમતિ હોય તો રોકી શકે

**56 કામ કરતી મહિલાઓની જાતિય સતામણીમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થતો નથી?**

**A** જાતીય સંમતિ માટે વિનંતી કરવી
**B** શારીરિક સ્પર્શ કરવો
**C** કોઈપણ અશ્લીલ સાહિત્ય બતાવવું
**D** મહિલા કર્મચારીને કામ માટે તાકીદ કરવી

**57 ડીમ્ડ સસ્પેન્શન ક્યારથી અમલમાં આવે છે?**

**A** સરકારી કર્મચારી ફોજદારી ગુનાના તહોમત હેઠળ ૪૮ કલાકથી વધારે અટકાયત હેઠળ હોય તો અટકાયતની તારીખથી
**B** ફરજમોકૂફીનો હુકમ કરવામાં આવે તે તારીખથી
**C** ઉપર (અ) અને (બ) બંને
**D** ઉપર (અ) અને (બ) પૈકી એકેય નહિ

**58 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમ-૨૪ હેઠળ સરકાર દ્વારા પોતાના હુકમોનું પુનરાવલોકન ક્યારે કરી શકાય?**

**A** શિક્ષાનું પ્રમાણ ઘટાડવા માટે
**B** શિક્ષાનું પ્રમાણ વધારવા માટે
**C** આક્ષેપિતને બચાવની વાજબી અને પુરતી તક આપેલ ન હોવાનું જણાય ત્યારે
**D** તકેદારી આયોગની ભલામણ હોય ત્યારે

**59 સરકારી કર્મચારીએ નીચેના પૈકી કયા કિસ્સામાં જંગમ મિલકતના વ્યવહારની જાણ નિયત સતાધિકારીને કરવાની રહે છે?**

**A** મિલકતની કિંમત સરકારી કર્મચારીના બે માસના મૂળપગાર કરતાં વધારે હોય
**B** મિલકતની કિંમત સરકારી કર્મચારીના એક માસના કુલ પગાર કરતાં વધતી હોય
**C** જાણ કરવાનું જરૂરી નથી
**D** મિલકતની કિંમત સરકારી કર્મચારીના ત્રણ માસના મૂળપગાર કરતાં વધારે હોય

**60 દરેક વહીવટી વિભાગના રોસ્ટર સંપર્ક અધિકારીએ, તેમના વિભાગના અને તાબાના વિવિધ ખાતાના રોસ્ટર રજીસ્ટરોની તપાસણી ક્યારે કરવાની રહે છે ?**

**A** દર છ મહિને
**B** દર મહિને
**C** દર વર્ષે
**D** દર ત્રણ મહિને

**61 કોઇપણ સંવર્ગ બળમાં વધારો / ઘટાડો થાય તો તેના રોસ્ટરમાં કેવા ફેરફારો થઇ શકે ?**

**A** નવેસરથી રોસ્ટર તૈયાર કરવા

**B** વર્ગોની ટકાવારીમાં પ્રમાણસર વધારો કરવો

**C** સુપરન્યુમરી રોસ્ટર તૈયાર કરવા

**D** વધારા - ઘટાડાને અનુરૂપ રોસ્ટર વિસ્તારવા કે ઘટાડવા

**62 નીચેના પૈકી કયા વર્ગમાં બઢતીનું રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું થતું નથી ?**

**A** વર્ગ - ૧ (પ્રથમ કક્ષાની જગ્યા સુધી)

**B** વર્ગ -૨

**C** વર્ગ - ૪

**D** વર્ગ - ૩

**63 વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓ માટેની હાલની જોગવાઇઓની વિશેષતાઓ સંબંધમાં નીચેના વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.**

**A** ૪ % અનામત

**B** ફકત જાહેરાત માટે ગણતરી કરવા સારૂ

**C** વિકલાંગ ઉપલબ્ધ થયેથી, તેને જે તે કેટેગરીના ઉમેદવાર હોય તેમ ગણવું (પાત્રતા)

**D** ઉપરના A,B અને C તમામ

**64 ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ બંધારણની કઈ જોગવાઈ હેઠળ ઘડવામાં આવેલ છે?**

**A** અનુચ્છેદ-૩૦૯

**B** અનુચ્છેદ-૩૧૧

**C** અનુચ્છેદ-૩૧૫

**D** અનુચ્છેદ-૩૨૦

**65 ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ અન્વયે સરકારી કર્મચારીએ સટ્ટો કર્યો છે તેવું ત્યારે કહેવાય જ્યારે....**

**A** શેરની ખરીદી કરે

**B** બેંકમાં વ્યાજે પૈસા મૂકવા હોય ત્યારે

**C** ખાનગી કંપનીમાં ડીબેન્ચરોમાં રોકાણ કરવું

**D** શેર, જામીનગીરીની વારંવાર ખરીદી અને વેચાણ કરે

**66 શિસ્ત અધિકારી તપાસ અધિકારી ન હોય ત્યારે તેમણે નીચેના પૈકી કયું સાહિત્ય તપાસ અધિકારીને મોકલવાનું નથી?**

**A** આક્ષેપિત સરકારી કર્મચારીને બજાવેલ આરોપનામું

**B** આક્ષેપિત સરકારી કર્મચારીનું બચાવનામું

**C** સરકાર પક્ષે રજૂઆત કરવા માટે રજૂઆત અધિકારીની નિમણૂંકના હુકમની નકલ

**D** આક્ષેપિત સરકારી કર્મચારી સામેના આરોપો અંગે શિસ્ત અધિકારીની સમીક્ષા અંગેનો અહેવાલ/અભિપ્રાય

**67 ઠરાવેલી લાયકાતોમાં નીચેના પૈકી કઈ બાબતનો સમાવેશ થાય છે?**

- **A** જે તે સેવા કે જગ્યાના ભરતી નિયમોમાં નિયત કરેલ શૈક્ષણિક લાયકાતો
- **B** જે તે સેવા કે જગ્યાના ભરતી નિયમોમાં નિયત કરેલ વયમર્યાદા
- **C** નિયત સંસ્થાનું કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન હોવાનું પ્રમાણપત્ર
- **D** ઉપરની તમામ બાબતો

**68 નાગરિક સહકારી બેંકના સભ્ય તરીકે સહકારી કર્મચારી નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ કરી શકે?**

- **A** બેંકના વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં મતદાન કરવું
- **B** બેંકના વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં ઉમેદવારી કરવી
- **C** બેંકના વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં ઉમેદવારના એજન્ટ થવું
- **D** ઉપરની તમામ પ્રવૃત્તિઓ

**69 દરેક રાજ્યપત્રિત સરકારી અધિકારીએ દર વર્ષે પોતાની સ્થાવર અને જંગમ મિલકતોની વિગત દર્શાવતું પત્રક રજુ કરવાનું હોય છે તેમાં કઈ તારીખની સ્થિતિની વિગતો દર્શાવવાની રહે છે?**

- **A** પૂરા થયેલ કેલેન્ડર વર્ષની ૩૧ મી ડિસેમ્બરની સ્થિતિએ
- **B** તા.૧ લી જાન્યુઆરીની સ્થિતિએ
- **C** તા.૧ લી એપ્રિલની સ્થિતિએ
- **D** ઉપરના પૈકી એકેય નહી

**70 ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ મુજબ કુટુંબની વ્યાખ્યામાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી?**

- **A** સરકારી કર્મચારીથી અલગ રહેતી પત્ની
- **B** સરકારી કર્મચારીના પિતા
- **C** કાયદેસરના છૂટાછેડા લીધેલ પત્ની
- **D** સરકારી કર્મચારી ઉપર સંપૂર્ણ આશ્રિત પુત્ર

**71 દરેક વહીવટી વિભાગે, તૈયાર કરેલા રોસ્ટર રજીસ્ટરો કોની પાસે પ્રમાણિત કરાવવાના રહે છે ?**

- **A** કાયદા વિભાગ
- **B** સામાન્ય વહીવટ વિભાગ
- **C** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
- **D** વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

**72 S.E.B.C માટે વર્ગ - 3ની જગ્યા સીધી ભરતીથી ભરવા માટે, તેના હક્કના હિસ્સાની (Roster point) પ્રથમ જગ્યા ક્યારે ઉપલબ્ધ થાય છે ?**

- **A** ત્રીજા ક્રમે
- **B** બીજા ક્રમે
- **C** ચોથા ક્રમે
- **D** પ્રથમ ક્રમે

**73 માન્ય યુનિવર્સીટીની સ્નાતકની પદવી અથવા સમકક્ષ લાયકાતને આવશ્યક લાયકાત તરીકે જરૂરી હોય તેવી કોઈ પણ જગા ઉપર ભરતી કરવાના હેતુ માટે ઉપલી વયમર્યાદા કેટલા વર્ષની રહેશે?**

**A** ૨૫ વર્ષ

**B** ૩૦ વર્ષ

**C** ૩૫ વર્ષ

**D** ૩૩ વર્ષ

**74 રાજ્યસેવામાં સીધી ભરતી માટે તે સેવાના ભરતી નિયમોમાં પ્રત્યક્ષ અનુભવ અંગેની લાયકાતોનો સમાવેશ થતો હોય ત્યારે પ્રત્યક્ષ અનુભવની મુદતની ગણતરી કેવી રીતે કરવાની હોય છે?**

**A** ભરતી માટે જાહેરાત કે જાહેરનામું પ્રથમ પ્રસિધ્ધ થયાની તારીખના સંદર્ભમાં

**B** જાહેરાત કે જાહેરનામામાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં

**C** રૂબરૂ મુલાકાતની તારીખના સંદર્ભમાં

**D** નિમણૂંકની તારીખના સંદર્ભમાં

**75 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમ-૧૧-ક હેઠળની કાર્યવાહીમાં નીચેના પૈકી કઈ બાબત થઈ શકે નહિ?**

**A** દોષમુક્તિનો હુકમ

**B** આક્ષેપિતની શિક્ષાના પ્રયાણ માટે સંમતિ મેળવવી

**C** આક્ષેપિતને નાની શિક્ષા કરવી

**D** આક્ષેપિતને મોટી શિક્ષા કરવી

**76 તાબાની કે ઉતરતા દરજ્જાની સેવામાં નિમણૂંક માટે સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવારને પ્રથમ કરાર આધારિત નિમણૂંક આપવાની જોગવાઈ ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના કયા નિયમમાં છે?**

**A** નિયમ-૯

**B** નિયમ-૯ એ

**C** નિયમ-૧૦

**D** નિયમ-૧૧

**77 સરકારી કર્મચારી પોતાના ઘરે કામ કરવા માટે ચૌદ વર્ષથી ઓછી ઉંમરની છોકરીને રાખે છે, તો તે કર્મચારી કયા નિયમનો ભંગ કરવા બદલ જવાબદાર છે?**

**A** નિયમ-૩

**B** નિયમ-૩ ક

**C** નિયમ-૩ ખ

**D** નિયમ-૩ગ

**78 રોસ્ટર (Roster) ના અર્થ સંબંધી નીચેના પૈકી કયો વિકલ્પ વધુ યોગ્ય છે ?**

**A** અનામત અને બિનઅનામત જગ્યાઓના ક્રમ દર્શાવતી યાદી

**B** રોસ્ટરમાંના ક્રમ સીનીયોરીટી(પ્રવરતા) નક્કી કરવા માટે નથી

**C** રોસ્ટરમાંના ક્રમ, બઢતીનો ક્રમ નક્કી કરવા માટે નથી

**D** ઉપરના A,B અને C તમામ

**79 સામાન્ય રીતે સામાન્ય અને અનામત વર્ગની વ્યક્તિઓના નીચેના પૈકી કયા કયા કિસ્સાથી ઉદભવતી ખાલી જગ્યાઓ, જે સામાન્ય અનામત વર્ગથી ખાલી પડેલ તે સંબંધિત વર્ગની વ્યક્તિઓની નિમણૂકથી ભરવી જોઇએ ?**

**A** વયનિવૃતિ
**B** રાજીનામું
**C** બઢતી
**D** ઉપરના A,B અને C તમામ કિસ્સામાં

**80 ઉતરતા દરજ્જાની સેવા એટલે.....**

**A** કરાર આધારિત નિમણૂંક કરેલ હોય તેવી વર્ગ-૩ ની જગ્યા અને સેવા
**B** વર્ગ-૪ તરીકે વર્ગીકૃત કરેલ સેવા અને જગ્યા
**C** ખાસ હુકમ દ્વારા વર્ગીકૃત કરેલ અન્ય સેવા અને જગ્યા
**D** ઉપરના પૈકી એકેય નહી.

**81 ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ અનુસાર સરકારી કર્મચારી જ્યારે ઉપરી અધિકારીની મૌખિક સૂચના મળે ત્યારે સરકારી કર્મચારીએ નીચેના પૈકી શું કરવું જરૂરી છે?**

**A** મૌખિક સૂચનાનું લિખિત સમર્થન મેળવી લેવું જરૂરી છે
**B** મૌખિક સૂચના અન્વયે કાર્યવાહી કરતાં પહેલાં ઉપરી અધિકારી સાથે ચર્ચા વિચારણા કરવી જરૂરી છે
**C** મૌખિક સૂચના આપનાર અધિકારીનું સમર્થન મેળવવાનું જરૂરી નથી
**D** મૌખિક સૂચનાનું પાલન કરવાનો ઈન્કાર કરવો જોઈએ

**82 ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ મુજબ નીચેના પૈકી કઈ સેવા રાજ્ય સેવા છે?**

**A** અખિલ ભારતીય સેવા
**B** વર્ગ-૧ અને વર્ગ-૨ તરીકે અધિકૃત કરેલ સેવાઓ અને જગ્યાઓ
**C** ઉપર (અ) અને (બ) બંને
**D** ઉપરના પૈકી એકેય નહી.

**83 કઈ નાની શિક્ષા કરતાં પહેલાં ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ -૯ ના પેટા નિયમો (૩) થી (૨૨) માં જણાવેલ રીતે તપાસ હાથ ધરવાનું આવશ્યક છે?**

**A** ઠપકો આપવો
**B** બઢતી અટકાવવી
**C** ઉત્તરોત્તર વધતી અસર સાથે ઈજાફા અટકાવવા
**D** ઉપરના પૈકી એકેય નહિ

**84 ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ અન્વયે સારા ચારિત્ર્યનો પુરાવો રજુ કરવાનું કયા કિસ્સામાં જરૂરી નથી?**

**A** જાહેર સેવા આયોગની ભલામણથી નિમણૂંકના કિસ્સામાં

**B** નિમણૂંક અધિકારી દ્વારા કરેલ હુકમ હોય તેવા કિસ્સામાં

**C** અગાઉથી સેવામાં હોય તેવી વ્યક્તિની બઢતી અથવા બદલીથી  નિમણૂંકના કિસ્સામાં

**D** ઉપર (અ) અને (ક) બંને કિસ્સામાં

**85 કોઈ સરકારી કર્મચારી સાથે ખાતાકીય તપાસ ક્યારે શરૂ થઈ કહેવાય?**

**A** તપાસ અધિકારીની નિમણૂંકની તારીખથી

**B** રજૂઆત અધિકારીની રજૂઆતની તારીખથી

**C** આરોપનામું બજાવ્યાની તારીખથી

**D** પ્રાથમિક તપાસનો અહેવાલ મળ્યા તારીખથી

**86 રાજ્ય સરકાર હેઠળની કોઈ જગ્યા કે સેવામાં નિમણૂંક પામનાર અધિકારી કે કર્મચારીએ નિમણૂંક પછી નીચેના પૈકી કઈ પરીક્ષા પાસ કરવાની રહે છે?**

**A** હિન્દી ભાષાની પરીક્ષા

**B** ગુજરાતી ભાષાની પરીક્ષા

**C** ઠરાવેલ ખાતાકીય પરીક્ષા

**D** ઉપરની તમામ

**87 રોસ્ટર રજીસ્ટરો બનાવવાના જાળવણાના ઉદેશો સંબંધમાં નીચેના વિકલ્પો પૈકી ક્યો વિકલ્પ સૌથી વધુ યોગ્ય છે ?**

**A** સીધી ભરતીના પ્રસંગે ગુણવતા પ્રમાણે નિમણૂક આપવા માટે

**B** બઢતીના પ્રસંગે પોઇન્ટ મુજબ નિમણૂક આપવા માટે

**C** અનામતની કેટેગરીવાર નિયત ટકાવારી જાળવવા માટે

**D** ઉપરના A,B અને C તમામ

**88 ગુજરાત રાજ્ય સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ નીચેના પૈકી કોને લાગુ પડે**

**A** ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ ઉલ્લેખ કરેલ તાબાની સેવા અને જગ્યાઓને

**B** ગુજરાત પોલીસ અધિનિયમમાં ઉલ્લેખ કરેલ બધા કર્મચારીઓને

**C** ઉપર (અ) અને (બ) બંને

**D** ઉપર (અ) સિવાયની ભારત બંધારણના અનુચ્છેદ-૩૦૯ હેઠળ જે સેવા અને જગ્યાઓની ભરતી વિનિયમિત થયી હોય તેવી બધી સેવાઓ અને જગ્યાઓને

**89 ૨૦૦ ક્રમાંકોવાળા રોસ્ટરોમાં શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારનો સૌપ્રથમ રોસ્ટર ક્રમાંક કયો હોય છે ?**

**A** ૩૪ મો ક્રમાંક
**B** ૩૦ મો ક્રમાંક
**C** ૩૩ મો ક્રમાંક
**D** ત્રીજો ક્રમાંક

**90 એક સરકારી કર્મચારી પોતાને સોંપેલ કામગીરી /કાગળોના નિકાલ બાબતે ઉપરી અધિકારીની સૂચના છતાં બેદરકાર રહે છે. અને પરિણામે પડતર કાગળોનો ભરાવો થાય છે તો તે કર્મચારી નીચેના પૈકી કઈ બાબત માટે જવાબદાર ગણાય?**

**A** પ્રામાણિકતાનો અભાવ
**B** ફરજ પ્રત્યે નિષ્ઠાનો અભાવ
**C** સરકારી કર્મચારીને ન છાજે તેવું વર્તન
**D** ઉપરની તમામ બાબતો

**91 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ અનુસાર નીચેના પૈકી કયા હુકમ સામે અપીલ થઈ શકતી નથી?**

**A** ફરજમોકુફીના હુકમ સામે
**B** શિક્ષાના હુકમ સામે
**C** તપાસ અધિકારીના હુકમ સામે
**D** ઉપરના પૈકી એકેય નહી

**92 સરકારી કર્મચારી નીચેના પૈકી કઈ પ્રવૃત્તિ કરી શકે?**

**A** સરકારની પ્રવર્તમાન નીતીઓની ટીકા
**B** કેન્દ્ર સરકાર સાથેના સંબંધોમાં મુશ્કેલી પેદા કરે તેવું નિવેદન
**C** સંપૂર્ણ સાહિત્યિક પ્રકારનો લેખ પ્રસિધ્ધ કરવો
**D** ઉપર પૈકી એકેય નહી

**93 નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાને અનુરૂપ હવે રાજ્ય સરકારે કયા પ્રકારની રોસ્ટર પધ્ધતિ અમલમાં મૂકી છે ?**

**A** ટકાવારી આધારિત
**B** ખાલી જગ્યા આધારિત (Vacancy - Based)
**C** જગ્યા આધારિત (Post - Based)
**D** સંવર્ગ આધારિત

**94 તાબાની સેવાની કોઈ જગ્યા ઉપર નિમણૂંક કરવા માટે નીચેના પૈકી કયા અધિકારી સક્ષમ છે?**

**A** કચેરીના વડા
**B** ખાતાના વડા
**C** રાજ્ય સરકાર
**D** ખાતાના વડા સચિવાલયના સંબંધિત વિભાગની સંમતિ મેળવીને

**95 ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૧૧માં કઈ બાબતની જોગવાઈ છે?**

**A** બઢતી માટેના લઘુત્તમ અનુભવ અંગેની **B** બઢતીથી નિમણૂંક અંગેની

**C** રાજ્યસેવામાં નિમણૂંક અંગેની **D** અજમાયશી સમય અંગેની

**96 રાજયની હાલની રોસ્ટર પધ્ધતિ નીચેના પૈકી કઇ સંસ્થાઓને લાગુ પડતી નથી ?**

**A** રાજ્ય સરકારની કચેરીઓ **B** પંચાયતની કચેરીઓ

**C** સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ **D** સરકારી અનુદાન ન મેળવતી બિનસરકારી સંસ્થાઓ

**97 નમૂનારૂપ રોસ્ટર - પોઇન્ટ નક્કી કરવાની સામાન્ય પધ્ધતિ કઇ છે ?**

**A** સરેરાશ એક સમાન અંતર રાખીને **B** નિયત ટકાવારીથી, દરેક જગ્યાનો ગુણાકાર કરી, પૂર્ણાંક મેળવીએ

**C** બિનઅનામત અને અનામતના ૫૦ % ગણીને રોટેશન મુજબ **D** ૭, ૧૫ અને ૨૭ જેટલા ક્રમિક અંતરો જાળવીને

**98 નીચેની નિમણૂકો પૈકી કઇ નિમણૂકના કિસ્સામાં રોસ્ટર (Roster) લાગુ પડશે નહી ?**

**A** સીધી ભરતીથી નિમણૂંક **B** બઢતીની નિમણૂક

**C** પ્રતિનિયુકતિના આધારે નિમણૂક **D** ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે બઢતીની નિમણૂક (Semi-Direct)

**99 બઢતીથી નિમણૂંક માટે નિયત અનુભવમાં જાહેરહિતમાં છૂટછાટ મૂકવામાં આવે ત્યારે કેટલી છૂટછાટ આપી શકાય?**

**A** નિયત અનુભવના ૨/૩ જેટલા અનુભવની **B** નિયત અનુભવના ૧/૪ જેટલા અનુભવની

**C** છૂટછાટ આપતાં નિયત અનુભવના ૨/૩ કરતાં ઓછો અનુભવ ન હોવો જોઈએ **D** સક્ષમ સત્તાધિકારી નિયત કરે તેટલા અનુભવની

**100 નીચેના પૈકી કયા વર્ગના ઉમેદવારોને માત્ર સીધી ભરતીમાં નિયત ટકાવારી મુજબની અનામતનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ મળે છે ?**

**A** SEBC **B** EWS

**C** PH **D** ઉપરના A,B અને C તમામ

---------------------------